# ભારતમાં રાષ્ટ્રીયકૃત બેંકોની આર્થિક સ્થિતિ

પ્રો. મધુબેન એસ. પટેલ
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા

આમ આપણે જોઈએ તો બેંક એટલે ધિરાણ આપતી અને મેળવતી સંસ્થા લોકોની થાપણો સ્વીકારીને તેનું ધિરાણ કરતી સંસ્થા એટલે બેંક. જેમાં બિનરાષ્ટ્રીયકૃત બેંકો અને રાષ્ટ્રયકૃત બેંકો બન્ને બેંકોની કામગીરી એકસરખી રહી છે. ભારતમાં બેંકોના રાષ્ટ્રીયકરણની જરૂરિયાત ઉદ્‌ભવી એનું પણ એક મોટું કારણ હતું કે શ્રીમંત વર્ગ અને ઉદ્યોગપતિઓનું વર્ચસ્વ હોવાને કારણે નાના અને સીમાંતવર્ગને ધિરાણ ઓછું મળ્યું, જેમની આર્થિક સ્થિતિ નબળી બનવા પામી. સૌપ્રથમ ઈમ્પિરિયલ બેંકનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને તે જે બેંક બની એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા. ભારતમાં જયારે વડાપ્રધાન ઈંદિરાગાંધીએ ૧૯૬૯ માં ૧૪ મોટી બેંકોનું અને ૧૯૮૨ માં બીજી ૬ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું એટલે આ જાહેરક્ષેત્રની બેંકો ઉપર સરકારનો અંકુશ છે પરંતુ કયાંક સપડરની કોઈ ત્રુટિ રહી જવા પામી છે, કે જેને કારણે જાહેરક્ષેત્રની બેંકો ખોટમાં સરકાય ગઈ છે. રાષ્ટ્રીયકરણનો ઉદ્દેશ પણ એજ રહયો કે સમાજના અન્ય નાના વર્ગને ધિરાણ પ્રાપ્ત થાય અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થાય. રાષ્ટ્રીયકરણ બાદ બેંકોએ શાખ વિસ્તરણનો કાર્યક્રમ દ્વારા નાના ગ્રામ્ય વિસ્તારમાં પણ બેંકોની શાખા ખોલવામાં આવી. કારણ કે ભારત એ ગામડાનો બનેલો દેશ છે. જયાં ખેતી એ મુખ્ય વ્યવસાય છે. ત્યારે આ નાના અને સીમાંતખેડૂતોને પૂરાતા પ્રમાણમાં ધિરાણ મળી રહે એ માટે શાખાઓ શરૂ થઈ આજે ભારતમાં બેંકની શાખાઓ આવેલી છે. ખેતીક્ષેત્રે કામગીરી કરનાર જમીન વિકાસ બેંક અને ખેતી અને ગ્રામ વિકાસ માટેની રાષ્ટ્રીયબેંકની રચના થઈ જેનો મુખ્ય હેતુ ખેતીક્ષેત્રે સૌથી વધારે ધિરાણ આપવાનો હતો ભારતનું કૃષિક્ષેત્ર ઉપરાંત ઉદ્યોગક્ષેત્ર પણ વિકાસ માટેના ડગ ભરી રહયું હતું, ત્યારે ઉદ્યોગોને પણ લાંબાગાળાના ધિરાણ માટેની ધિરાણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. અને તેનો પણ એજ આશય હતો કે દેશના આર્થિક વિકાસમાં કૃષિક્ષેત્રની સાથે ઉદ્યોગક્ષેત્રનો વિકાસ સાધવો.

આજની વર્તમાન પરિસ્થિતિ જોતા આપણોને એવું લાગુ રહયુ છે કે ભારતના બેંકિંગક્ષેત્રને કોઈ ગ્રહણ કે નજર લાગી છે. આજે દેશની ૧૨૪ વર્ષ પહેલા પંજાબ નેશનલ બેંકની સ્થાપના થઈ, ભારત અને પાકિસ્તાનનું વિભાજન થયું ન હતુ ત્યારે લાહોરમાં PNB ની સ્થાપના થઈ હતી. જેનો ઉદેશ ભારતીયોની મૂડીનો ઉપયોગ અંગ્રેજી બેંક ચલાવવા થઈ રહયો છે તેમને થોડા વ્યાજથી જ સંતોષ માનવો પડે છે. “ભારતીયોની પોતાની રાષ્ટ્રીયબેંક હોવી જોઈએ” લાલાલજપતરાય (૧૮૯૪) ૧૮૯૪ માં લાહોરના અનારકતી બજારમાં મુખ્ય ઓફિસ સાથે તેનું રજિસ્ટ્રેશન થયું હતું. જેના સ્થાપકો સ્વદેશી અભિયાન સાથે જોડાયેલા હતા સ્થાપકો એ શેરનું પ્રમાણ ઓછુ રાખ્યુ હતુ. આ પહેલી એવી બેંક છે જે સંપૂર્ણ પણે ભારતીય મુડી સાથે કામ શરૂ કર્યુ હતું. PNB ની હોંગકોગ, કાબુલમાં તેની શાખાઓ હતી અને અલમારી, શંઘાઈ અને દુબઈમાં પ્રતિનિધિ કાર્યાલય છે. આ બેંકમાં ખાતા ધારકોમાં મહાત્માગાંધી, લાલબહાદુરશાસ્ત્રી, ઈંદિરાગાંધી, જવાહરલાલ નહેરુ, જલિયાવાલા બાગ કમિટી હતી.

આ બેંકને સર્વોચ્ચ સન્માન એવોર્ડ પણ મળયા છે. દુનિયાની ટોપ ૧૦૦૦ જાહેર ક્ષેત્રની બેંકોના ૧૯૧ મુ સ્થાન, ફોર્બ્સના ૭૧૭ નું સ્થાન ૨૦૧૩ ના ફોર્ચ્યુન ૫૦૦ ઈન્ડિયામાં ૨૬ માં ક્રમ (૨૦૧૧) ગોલ્ડન પીકોક

એવોર્ડ (૨૦૧૧) અને નેશનલ ટ્રેનિંગ એવોર્ડ ૨૦૧૧માં પ્રાપ્ત થયો હતો. આવી સધ્ધર બેંક જયારે આટલી મોટી રકમની કૌભાંડ બહાર આવે ત્યારે સરકારની છબિ ખરડાય છે. બેંકો દ્વારા થયેલા વ્યવહારો પારદર્શક હોવા જોઈએ જેનાથી પ્રજાને તેમાં વિશ્વાસ બેસે જો પ્રજા પોતાની બેંક માં જમા ન કરાવે તો બેંકોની થાપણો સ્થિતિ નબળી રહેવા પામશે.

ભારતની રાષ્ટ્રીયકૃત બેંકોમાં ઘણા મોટા કૌભાંડો બહાર આવ્યા છે. અને આવતા રહેશે અગાઉ વિજય માલ્યા ૯૦૦૦ કરોડનો ચૂનો સરકારને લગાવ્યો નિરવ મોદી ૧૧૪૦૦ કરોડનો, મેહુલ ચોકસી કોઠારીનું ૩૦૦૦ કરોડનું કૌભાંડ ૨૦૧૫ માં બેંક ઓફ બરોડામાં દિલ્હીના ઉદ્યોગપતિઓ દ્વારા ૬૦૦૦ કરોડ રૂપિયાનું છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. આતો માત્ર બે ત્રણ જ દાખલાઓ છે. એવા તો કંઈ કેટલા શ્રીમંતોએ બેંકોનું દેવાળુ કાઢયું છે. હા એ વાત સાચી છે કે ઉદ્યોગપતિ રાષ્ટ્રમાં રોજગારીનું સર્જન કરે છે. પરંતુ આટલી મોટી રકમના કૌભાંડો થતા રહેશે તો બેંકોની પરિસ્થિતિ નબળી રહેશે. શ્રીમંતોને ભોગે નાના ઉદ્યોગકારો, વેપારીઓને મુકશેલી સહન કરવાની પરિસ્થિતિ આવશે. આ નાનો વર્ગ પણ રોજગારીનું સર્જન તો કરે છે, દેશના આર્થિકવિકાસ માટે એક ભયાનક સ્થિતિ છે.

### **૧. બેંકમો NPA નું પ્રમાણ**

આ પ્રમાણ દિવસે દિવસે વધતુ રહયું છે. વસુલાત ન થયેલી રકમનું પ્રમાણ દસલાખ કરોડ રૂપિયા છે. લોનની રકમ પાછી ન આવે તો બેંકોનું રોટેશન અટકી જાય છે. બેંકોની કામગીરી તો પ્રજા દ્વારા ભેગી કરેલી થાપણોનું જરૂરિયાત મંદોને ધિરાણ કરવું બેંકો પ્રજાને થાપણો પર જે વ્યાજદર ચુકવે તેનું પ્રમાણ ઓછું છે અને ધિરાણ ઉપર વ્યાજનો દર ઊંચો છે અને જે વધારાનું એ બેંકનો નફો છે. પરંતુ ભારતની બેંકિંગક્ષેત્રમાં મોટા ભાગની બેંકો ખોટ કરે છે. જેનું એ પણ કારણ છે, કે બેંકોએ જે ધિરાણ કર્યુ એ કદાચ સાલક્ષી કે બિન -ઉત્પાદકીય હેતુ માટે થયેલું ધિરાણ પરત આવવાની શકયતા દેખાતી નથી. હાલમાં SBI એ સરકારની સૌથી મોટી બેંક છે. અને હમણા તેની ૭ એસોસિયેટ બેંકનું મર્જર કરવાથી વિશ્વની પાંચમા નંબરની બેંક તરીકે ઓળખાય છે. પરંતુ હાલમાં SBI એ પણ ૨૪૧૬ કરોડ રૂપિયની ખોટ ગઈ હોવાની જાહેરાત કરી છે. બેંકની NPA વધવાનું મુખ્ય કારણ એ છે કે મોટા મોટા કોર્પોરેટ હાઉસ બેંક પાસેથી લોન લઈ રહયા છે પણ પરત કરી રહયા નથી ૨૫ ' જેટલી લોનો મોટી કંપનીઓમાં સપડાઈ છે. બેંકોના રાષ્ટ્રીયકરણ પછી પબ્લીક સેકટર બેંકોની કામગીરીની નોંધ લેવાઈ છે. પબ્લીક સેકટરની બેંકોએ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં બ્રાંચો ખોલી છે. આજ બેંકોની કુલ સંખ્યા ૧૧૬૩૯૪ બ્રાંચ છે. તે પૈકી ૩૩૮૬૪ ગ્રામ્ય વિસ્તારમાં છે. કૃષિલોનમાં ૨૦૧૭-૧૮ માં ૬૬૨૬૮૫ કરોડની લોન આપી હતી. વધારે ગરીબ લોકો માટે ઓછો વ્યાજદર રખાયો હતો. જેનો અમલ જાહેરક્ષેત્રની બેંકોએ કર્યો હતો. આ બેંકોએ પગરભર થવા મહિલા સંગઠનોને પણ લોન આપી હતી. જેના બંને કેટેગરીમાં બાકી લેણાં અનુક્રમે ૬૧૬૦૦ કરોડ અને ૭૦૪૦૦ કરોડ છે. PSBS એ રૂરલ ઈન્ટ્રાસ્ટ્રકચર તે રૂરલ ઈન્ટ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ ફંડ દ્વારા ફંડ પુરુ પાડયું છે. હાલમાં સરકાર ૩૧.૧૧ કરોડ જનધન એકાઉન્ટ ખોલ્યા છે.

ભારતના ૧૨ ડિફોલ્ટરો છે. જેમણે જુદી જુદી બેંકોમાંથી લોન લઈ અને એ કંપનીઓ હાલ ખોટમાં છે. એટલે એ બેંક લોન ભરી શકે તેવી સ્થિતિમાં નથી. આમ તો બેંકો તેની મિલ્કત લિલામ કરીને વસુલ કરી શકે પરંતુ મિલ્કત ભરપાઈ કરવાની રકમ કરતા ઓછી છે. જે કંપનીઓ (૧) એસ્સાર સ્ટીલ કંપની (૨) લાન્કો ઈન્ફ્રાટેક ઊર્જા તેમજ માળખાકીય સુવિધાનું ક્ષેત્ર (૩) સ્ટીલ મેગ્નેટ (૫) ભૂષણ પાવર એન્ડ સ્ટીલ કંપની (૬) ટેક્ષટાઈલ ક્ષેત્રે આલોક ઈન્ડસ્ટ્રીઝ (૬) મોનેટ ઈસ્પાત (૭) એરા ઈન્ટ્રા. એન્જીનિયરીંગ (૮) એબીજી શીયયાર્ડ (૯) જે.પી.ઈન્ફ્રાટેક કંપની (૧૦) ઈલેકટ્રોસ્ટીલ (૧૧) એમ્ટેક ઓટો કંપની (૧૨)

જયોતિ સ્ટ્રકચર આ ડિપેલ્ટરોની યાદી RBI એ થોડા સમય પહેલા આપી હતી. આ કંપનીઓની લોન બેંક મેળવવામાં નિષ્ફળ જશે તો આ બેડ લોન બની ગઈ છે. એવું માનવાની ફરજ પડશે.

## ૨. રાષ્ટ્રીયકૃત બેંકનું ખાનગીકરણ

ભારતની જે ૨૦ બેંકો રાષ્ટ્રીયકૃત બેંકો છે. જેનો વહીવટ સરકાર કરે છે. હાલમાં PNB ના કૌભાંડ પછી સમાચારપત્રો અને ટી.વી. ચેનલો નિષ્ણાંતો, નેતાઓ, અને આમ જનતાને સાથે રાખીને ડિબેટ ચાલી રહી છે. જેના ભારતના દાસચરણ ગુપ્તા જે અર્થશાસ્ત્રી છે. એમણે તો એવી સલાહ આપી કે રાષ્ટ્રીયકૃત બેંકોનું ખાનગીકરણ થવું જોઈએ. આમ તો ખાનગી બેંકો પણ કૌભાંડો થયા છે. પરંતુ રાષ્ટ્રીયકૃત બેંકો જેટલા નથી કારણ કે એ તો નફા માટે બજારમાં આવે છે. બેંકોનું ખાનગીકરણ જેવી જ એક બાબત કે જયારે મનમહોન સરકાર વખતે ૧૯૯૧માં ઉદારીકરણની નીતિ અમલમાં મૂકી હતી. જેમાં જાહેર ક્ષેત્રમાં ખાનગીક્ષેત્રને પ્રવેશ આપવામાં આવ્યો જાહેર ક્ષેત્રની કામગીરી નબળી હોવાને કારણે તે ખોટમાં ચાલતા હતા. આ પગલું રાષ્ટ્ર માટે અસરકારક સાબિત થયું હતું અને હાલ તો સરકારે રિટેલ માર્કેટમાં ૧૦૦% FDI કરવાની છુટ આપવામાં આવી છે આ બેંકોનું ખાનગીકરણ થવું જોઈએ કારણ કે સરકારી તંત્ર બિનકાર્યક્ષમ અને બેજવાબદારનો પર્યાય છે. મનમોહન સરકાર વખતે ખાનગી બેંકો શરૂ કરવા માટે ૧૧ અરજીઓ આવી હતી. જેમા ત્રણ બેંકોને ખાનગી બેંક શરૂ કરવાની પરમીશન આપવામાં આવી હતી. અહીયા એવી દહેશત રહેલી છે કે જે નાની કંપનીઓ છે એમની પાસે તારણમાં મુકવા માટેની મિલ્કત ઓછી છે માટે લોન પણ એમને ઓછી મળે એટલે આવી કંપનીઓએ લોન માટે શાહુકારો પર આધાર રાખવો પડે છે. એટલે એમનું ઉત્પાદન ઊંચા ખર્ચમાં પરિણમે છે.

## ૩. રાષ્ટ્રીયકૃત બેંકોની કામગીરીમાં સુધારા

બેંકિંગ કૌભાડો માટે આપણે કોને જવાબદાર ગણીશું, તો એટલું જરૂરી કહી શકાય કે RBI એ દેશની મધ્યસ્થ બેંક છે. એના રૂલ્સ એન્ડ રેગ્યુલેશન અન્ય બેંકોએ ફોલો કરવા જોઈએ. બેંકોએ બિનજરૂરી ધિરાણ કર્યુ છે. કોઈ નિયમો એમણે પાળયા નથી RBI એ વખતોવખત સુધારાઓ દાખલ કરવા જોઈએ અને જે બેંકોએ બિન સલામત ધિરાણ કર્યુ હોય એની ઉપર દંડાત્મક કાર્યવાહી થવી જોઈએ. ન થતી હોવાને કારણે બેંકોમાં વારંવાર આવાકૌભાંડો થતા રહયા છે. અને હજુ પણ થશે હાલમાં થોડા સમય પહેલા નાણામંત્રી અરૂણ જેટલીએ એવા વાકયો બેંક માટે ઉચ્ચાર્યા કે બેંકની નિષ્ફળતા માટે બેંકની અંદર સિધ્ધાંત વિનાના લોકો અને ઓડીટર્સ છે. જાહેરશ્રેત્રની બેંકોના સુપરવાઈઝેશનના વિવિધ સ્તર હોય છે. તેની શરૂઆત બોર્ડ ઓફ ડિરેકટરથી થાય છે. ત્યારબાદ ધ રેગ્યુલેટર કમ સુપરવાઈઝર આવે ત્યારબાદ ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સીયલ સર્વિસ અને છેલ્લે સરકારે ઉભુ કરેલું બેંક બોર્ડ ઓફ બ્યુરો આવે. ઓલ ઈન્ડિયા ઓફિસર્સ એશેસિયેશનને સાત પ્રકારના ઓડિટનું સૂચનકર્યુ હતું. જેમાં ઈન્ટરનલ ઓડિટ, રીકવરી ઓડિટ, સ્ટેચ્યુટરી ઓડિટ, એકસટર્નલ ઓડિટ અને સ્ટોક ઓડિટનો સમાવેશ થાય છે. જયારે સરકાર બદલાય ત્યારે કેટલાક સુધારા વધારા કરાય જેમા બેંકોના ચેરપર્શન અને મેનેજિંગ ડિરકેટરની ઓફિસ બદલી નાંખી હતી. એકઝીકયુટીવ ડિરેકટર અને મેનેજીંગ ડિરેકટરના પ્રમોશના નિયમો પણ બદલી નાંખ્યા હતા. જુલાઈ -૨૦૧૭ માં RBI ના ડેપ્યુટી ગવર્નર એસ.એસ.મુદ્રા નિવૃત થયા હતા જેમની પાસે બેકિંગ સુપરરાઈઝનનો હવાલો હતો. એમના નિવૃત્ત પછી આ પોસ્ટ પર કોઈ બેન્કરને બેસાડવો જોઈએ જે આજદિન સુધી ખાલી છે.

ભારતની ૭૦% બેકિંગ વ્યવસ્થા સરકારી બેંકો એટલે કે જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા ચાલે છે. માટે બેંકિંગ ફ્રોડનો સૌથી વધુ ભોગ પણ જાહેરક્ષેત્રની બેંકો જ બનતી હોય છે. બીજુ કે જાહેરક્ષેત્રની બેંકની

સરખામણીએ જાહેરક્ષેત્રની બેંકના કર્મચારીઓના વેતન ધોરણ નીચા જણાયા છે. એટલું જ નહી કર્મચારીઓને તાલીમ અને પ્રોત્સાહનોનો પણ અભાવ છે. જેને લીધે પણ બેંકિંગ કૌભાંડો વધારે થાય. બેંકમાં સ્ટાફનો અભાવ છે. કામનું ભારણ વધારે છે. બેકિંગ ક્ષેત્રે પૂરતા કર્મચારીની ભરતી થવી જોઈએ તમને યાદ હશે જયારે એકવર્ષ પહેલા સરકારે વિમુદ્રીકરણ કર્યુ હતુ તે સમયે દરેક બેંકના કર્મચારી ઉપર કામનું ભારણ એટલું બધુ વધારે હતું કે રાત્રે બારવાગ્યા સુધી બેંકો ચાલતી હતી જેમા કેટલાક બેંકના કર્મચારી હ્યદયરોગના ભોગ બન્યા. અને કયાંક માનસિક તણાવની અસર હેઠળ હતા આ બાબતે સુધારો કરવાની જરૂર છે પૂરતો સ્ટાફ હોવો જરૂરી છે.

સરકારી બેંકોમાં સફાઈ ઝુંબેશ જવાબદારી અસરકારક નેતાગીરિ અને રાજકીય ઈચ્છાશકિત આવી ઘણી બાબતો સિંચવાની જરૂર છે. RBI ના સૂચનો દરેક બેંકો તરફથી અમલમાં મુકાવા જોઈએ અને જો અમલમાં ન મૂકે તો પ્રજૈ એ એ બેંક ઉપર કાયદાકીય કાર્યવાહી અથવા દંડ કે સજા કરવી જોઈએ કારણ કે બેંકમાં મુકેલી પ્રજાની થાપણો ની સુરક્ષિત ન હશે તો લોકોનો બેંકોપરથી વિશ્વાસ ઉઠી જશે. માટે બેંકોમાં રહેલી દેવી પ્રજાની થાપણોને સુરક્ષા પુરી પાડવી.

જો કોઈબેંકમાં ગેરરીતિ થાય છે. એવી જાણ RBI ને થાય તો બેંકોને PCA એકટ હેઠળ લાવી શકે. (પ્રોમ્પ્ટર કરેકટીવ એડશન) જેને લીધે તાત્કાલિક સુધારાત્મક પ્ગલા લેવાની ફરજ પડે છે. PNB એ LOU લેટર ઓફ અંડરટેકિંગ મેળવી ને અન્ય ભારતીય લેણદારોની વિદેશની સિકયોર્ડ ક્રેડિટ મેળવી હતી. RBI આના પર રોક લગાવી શકે બીજુ કે થાપણદાર જયારે બેંકમાં પોતાની મુડી મુકવા જાય ત્યારે એને કેવી રીતે ખબર પડે કે આ બેંક નફો કરે છે કે ખોટ કરે છે. એટલે બેંકોને ગ્રેડ આપવો જોઈએ. અનેક દરેક બેંકે ગ્રેડ જાહેર કરવો એવી ફરજ પાડી શકે જેથી બેંકની પરિસ્થિતિનો ખ્યાલ આમજનતાને આવે આ ગ્રેડ બેંકના પરફોમન્સના આધારે અપાય છે. ગ્રેડ આપવાની માંગણી બેંકિંગ સેકટરના આગેવાનો પણ કરી રહયા છે. ગ્રાહકની મૂડી સુરક્ષિતતા માટે વીમા સુરક્ષિત રકમમાં પણ વધારો કરવાની જરૂર છે. હાલ એક લાખ છે તેની જગ્યાએ ૧૦ લાખની માંગણી થઈ છે. હાઈકોર્ટમાં રીટ પણ થઈ છે. સહકાર ભારતી અને ટેકસપેયર્સ પ્રોટકેશન કાઉન્સીલે પણ સુરક્ષિત વીમા રકમમાં વધારો કરવાનું માંગણી કરી છે. ભારતીય રિઝર્વબેંક દ્વારા ઓડિટ કરનારી સંસ્થાઓની સાથે બેકિંગ સત્તાધીશોની સામૂહિક જવાબદારી નકકી કરવામાં આ ઉચ્ચ અધિકારીઓની બદલીને લગતા નિયમોનું કડકાઈથી પાલન કરવામાં આવે-રોજિંદાસ્તરે બેંકિંગ લેણીદેણીનું ધ્યાન રાખવા માટે ખાસ અધિકારી નિમણુંક થવી જોઈએ-બેકિંગ સેકટરમાં ખાનગીકરણ કરતા મેનેજમેન્ટમાં ખાનગી ભાગીદારીને પ્રોત્સાહન આપી શકાય. લોનની મર્યાદા નકકી કરવી જોઈએ. નિયમ કરતા વધુબોજો લીધી હોય અને પરત આવી ન હોય તો એવા કિસ્સામાં મર્યાદા નકકી થવી જોઈએ-ચોકકસ અને નિયમિત સમયાંતરે વ્યાપક સ્તરે વ્યવહારોનું પ્રમાણિક પરિક્ષણ-નિરિક્ષણ અને બદલીઓના રાજકીય હસ્તદવેય ઘટાડવાની જરૂર છે. એક તો પ્રજાની પણ જવાબદારી છે જે બેંકમાં ગેરવહીવટ કે ગોટાળા કે ધનપતિ આને ધન લુંટવાના ક્ષેત્ર જેવી ન બની રહે તો પ્રજાએ સજાગ બનવાની જરૂર છે. બીજુ કે આ જવાબદારી સરકારી તંત્રની પણ છે. આ કામમાથી સરકાર હાથ ઊંચા કરી શકે નહી. જો બેંકોના NPA માં થયેલા વધારાને કારણે દેવાદારો દ્વારા પૈસા ન ચુકવાતા હોવાના કારણે બેકિંગ ક્ષેત્ર તુટવાના આરે આવી ગયો છે. જેવા જાહેરક્ષેત્રની બેંકોને બેઠી કરવા સરકારે ગતવર્ષે રિકોપિટલાઈઝેશનની યોજના પ્રસ્તુત કરી અને એના PNB ને ૫૦૦ કરોડ રૂપિયા સરકારે આપ્યા જેનાથી બેંકની સ્થિતિમાં સુધારો થવાનો નથી. અમેરિકાએ પણ લેહમેનને બચાવવા મોટુ ભંડોળ નાંખ્યુ પરંતુ એ બોજ સરકારની તિજોરી પર આવે છે. એટલે એના માટે ચીફ ઈકોનોમિક એડવાઈઝર અરવિંદ

સુબ્રમણિયમે ઈકોનોમિક સર્વેમાં ચેતવણી આપી કે પુનઃ મુડીકરણ એ હંગામી ઉપાય છે. કાયમી નથી કાયમી તો બેંકોએ દેવાદારો પાસેથી પાછા વસુલવાની સિસ્ટમ મજબુત બનાવવી પડશે.

હાલમાં RBI એ PNB ના થયેલા ગોટાળાને લીધે અન્ય બેંકોને સૂચના મોકલવામાં આવી સ્વિફટ માત્ર અધિકારી મેસેજ જનરેટ કરી શકશે. કલાર્ક પાસેથી આ હકક લઈ લીધો છે બ્રાન્ચ સ્વિફટ મારફત જે મેસેજ મોકલે તેને રિઓથોરાઈઝ કરવાની જવાબદારી આ ડિવિઝનની રહેશે. અહીં તૈનાત અધિકારી મેસેજને ક્રોસચેક કરશે જો કોઈ મેસેજ રિજેકટ કરવામાં આવશે તો તેનો રેકોર્ડ રાખવો પડશે. તેનું ઓડિટિંગ કરી શકાય સ્વિફટ આંતરરાષ્ટ્રીય સ્તર પર માન્ય એક મેસેજીંગ નેટવર્ક છે. જેનો ઉપયોગ માત્ર બેંક જ કરી શકે.

ભારતમાં તમે ગરીબ હો તો તમારી પાસે મૂળભૂત અધિકાર પણ નથી પૈસાદાર હોય તો વિશેષાધિકાર છે તમે ગરીબ કે મધ્યમવર્ગના હો.અને ઈએમઆઈ ભરવાનું ચુકી જાય તો તમને ઘરે આવીને ઘમકીઓ આપશે પણ પૈસાદાર હો તો તમારાથી દૂરદૂર સુધી નહીં ફરકે ઉલટા તમારી પાસે આવીને ચાપલુસી કરી જશે તમને વહાલા થઈ જશે કે ચિંતા ન કરતા થાય ત્યારે પૈસા આપજો. કોઈ સ્વીકારે કે ન સ્વીકારે દેશની મહત્તમ બેંક માટે આ સત્ય છે. ભારતમાં ધનપતિઓનું કદ રાષ્ટ્રપતિ કરતા પણ મોટુ છે. તમારી પાસે પૈસા હોય તો કાયદા વ્યવસ્થા તમારા ખિસ્સાનાં રહે છે. તેનાઓ ગમ તે સલામ ભરે છે. પરંતુ આજ આમ નાગરિક લૂંટાઈ રહયો છે. તે બધુ જ જાણે છે પરંતુ તે ડરેલો છે. એટલે સમસમીને ચુપ બેસી રહે છે, તેમનામાં હિંમત નથી કે તે સિસ્ટમ સામે લડે તેના બદલે સલામતીના કોચલામાં બેસીને હૈયાબળતરા કરવામાં તેને વધુ સુખ મળે છે.

આપણી સરકાર બેંકોને ઉગારવા માટે ગ્રાહકોના રૂપિયા ડુબાડનારો કાયદો લાવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા જે કાયદો લાવવામાં આવી રહયો છે તે અપણા PM ની તેજાની ઉપર નથી પણ G-૨૦ ના દેશો દ્વારા મંજૂર કરાયેલી ફાયનાન્સીયલ સ્ટેબિસિટી બોર્ડની દરખાસ્ત નો એક ભાગ છે. આ દરખાસ્ત બેંકો માટે બેઈલ ઈન મંત્રણાની જોગવાઈ છે જેમાં કોઈ મોટી બેંક ફડચામાં જાય તો સરકારનું બજેટ ખોરવાય ન જાય. તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે G-૨૦ ના દેશે દ્વારા રિસોલ્યુસન કોર્પોરેશનની રચના કરવાનું ઠરાવવામાં આવ્યું છે. કોઈ બેંક ઊડી જાય તો તેને આ ભંડોળ પુરુ પાડવામાં આવશે. બેઈલ ઈનના વિકલ્પ મુજબ બેંકના ખાતાધારકોની જેટલી રકમ વીમાથી સુરક્ષિત હશે તેટલી જ રકમ એને પાછી મળશે. બાકીની રકમનો ઉપયોગ બેંક દેવું ચુકવવા ઉપયોગ કરશે બેંક ચોકકસ મુદત સુધી રૂપિયા સ્થગિત કરી દેશે. જો આવો કાયદો અમલમાં આવે તો લોકો બેંકમાંથી રૂપિયા ઉઠાવી સોનુ અને ચાંદી ખરીદશે શા માટે બેંકમાં નાણાં રાખશે.

બેંકમાં થયેલા ગોટાળાની અસર અર્થતંત્ર પર પડયા વગર રહેવાની નથી. હમણા RBI દ્વારા દરેક બેંકોને આદેશ જારી કરવામાં આવ્યા તેમાં લોન આપતી વખતે કેટલીક કાળજી રાખવી. જે વર્ગ નાના વેપારીનો નાના ઉદ્યોગપતિઓ કે જે લોન બેંકમાંથી સરળતાથી મેળવી શકતો હતો હવે અને મોટા ધનપતિઓને ભોગે લોન મેળવવામાં મુશ્કેલી પડવાની છે. જેનાથી રોજગારીમાં પણ ઘટાડો થવાની શકયતા છે. ગુજરાતમાં સુરતને ડાયમંડ સીટી તરીકે ઓળખાવાય છે. ત્યારે હવે આ ડાયમંડ ઉદ્યોગ નાણાંની અછતને લીધે બેલ્જીયમ કે ઈઝેરાયલ ખસેડાય એવી શકયતા છે. જેને લીધે બેરોજગારીનું પ્રમાણ વધી શકે. ભારતમાં સરકારની વિમુદ્રીકરણની નીતિને કારણે દરેક ઉદ્યોગ જેમા નાના મોટા સૌનો સમાવેશ કરી શકાય જે આ ઉદ્યોગો મંદીમાં સરકી ગયા જેમા રિયલ એસ્ટેટ માર્કેટ સાવતુટી ગયું. બાંધકામ ઊદ્યોગમાં

રોકાયેલા લાખો મજુરો બેકાર પડયા માંડ માંડ થોડી કળ વળી ત્યાં તો GST લાગુ થયું. જેને કારણે ટેક્ષટાઈલ માર્કેટ પણ મંદીમાં સપડાયો સરકાર રોજગારી ઉભી કરી શકતો નથી પરંતુ આ પગલા ને લીધે રોજગારીમાં ઘટાડો થયો છે. સરકારના વાયદા ઠાલા વચનો હતા. ઠોસ કાર્યવાહી કોઈ થઈ નહી.

બેંકના થયેલા ગોટાળાને લીધે બેંકના શેરની કિંમતમાં ઘટાડો થયો. જે રોકાણકારોએ આ થેરમાં રોકાણ કર્યુ તે પણ ધોવાય ગયા બે દિવસ પહેલા બેંક વેરામાં ૨૨% નો ઘટાડો બેંકોએ આ ડિફોલ્ટરો પાસે કડકથી વસુલી કરે અગર તો તેની કેટલીક પેટા કંપનીઓમાં અને સંયુકત સાહસમાં હિસ્સો વેચી નાણાં ઊભા કરી શકે. પરંતુ આ બધી કરારજન્ય બાબત હોવાથી તેમાં થોડો સમય લાગી શકે.

અંતમાં મારે તો એટલુ જ કહેવું છે કે બેકિંગ વ્યવસાયને ડૂબતો બચાવવો હોય તો RBI અને સરકાર મળીને કડક નિયમો જારી કરે અને દરેક બેંક ને તેના અમલ ચુસ્ત રીતે થાય એવા પગલા ભરી શકાય. તો થાપણદારોને પણ બેંક પર વિશ્વાસ રહેશે. અને બેંકો તો લોકોના વિશ્વાસ પર ટકી છે. તો વિશ્વાસ ટકાવવા માટેના પ્રયત્નો થવા જોઈએ. અને એના માટે લોન પાસ કરનાર અધિકારી સૌથી જવાબદાર છે. તો એના પર પગલા લેવાવા જોઈએ. એવા કાયદા બનવા જોઈએ કે અધિકારી વર્ગ આવી ભૂલો ભવિષ્યમાં ન કરે અને સરકારને નુકશાન ન પહોંચાડે.

**સંદર્ભસૂચિ**

**વર્તમાન પત્રોના આધારે**